# આત્મિક ગીતો



## ગીત નં. ૧

આવો પ્રભુનું ભજન કરવા આવો,
તેના ચરણે બેસી શિક્ષણ પામો;
ઘૂંટણો પર તેની પ્રાર્થના કરો,
વાજીંત્રો લઇ તેની સ્તુતિ કરો. ........ટેક.

મરિયમ કુંવારીથી જન્મી તેણે,
બાપનું વચન પાળ્યું પૂર્ણ પણે;
પાપી માટે સહી શાપિત મરણ,
થઇ સજીવન દે છે અનંત જીવન. ........૧

પાપીઓની તે તો કરે છે શોધ,
પમાંથી છૂટવાને કરે છે બોધ;
:તાવિકનો તે કરે છે આવકાર,
હીમાં ધોઇ દે છે અખૂટ ઉદ્ધાર. ..........................૨



તમારા ભાર ખ્રિસ્તની પાસે લાવો,
આજેજ તમે તેને આધીન થાઓ;
વિલંબ થતાં તમે દુઃખી થશો,
નહિ માનવાથી ખચીત નાશમાં જશો......૩

ુ ઇસુ જુઓ ઠોકે છે દ્વાર,
ઘાડી દો કેમ લગાડો છો વાર;
મળવા પ્રભુને રહેશો નહિ તૈયાર,
રડતાં ને દાંત પીસતાં રહી જશો બહાર................૪

## ગીત નં. ૨

આનંદ છે આજ અહા, આનંદ અપાર,
આવ્યા સંસારમાં ઈસુ તારનાર;
અજબ છે પ્યાર અને અજબ ઉદ્ધાર,
આવ્યા સંસારમાં ઈસુ તારનાર ......ટેક.

ઈસુની પ્રીતિનો કરજો વિચાર,
દેવ છતાંયે લીધો માનવ અવતાર.
મુખડાં મલકાવો ને માનો આભાર....આવ્યા....૧

સારી આ દુનિયાના પાલનહાર,
દીન અનાથોના એક આધાર,
દેવા વિશ્વાસીને જીવન અપાર...આવ્યા. ..............૨

વિનાશી જગમાં ના દુઃખોનો પાર,
ઊંચક્યો છે ઈસુએ આપણો ભાર,
દિવ્ય શાંતિના એ શૂરા સરદાર....આવ્યા........૩

પાપીઓ ઉપર છે મૃત્યુનો માર,
પસ્તાવો કરે તે બચી જનાર,
શત્રુ શેતાનનો કરવા સંહાર....આવ્યા. ..............૪

આવો થાકેલાં ને દુઃખી નરનાર,
વાટ જુએ છે વહાલો તારણહાર,
પામીલો જીવનમાં પૂરો આરામ....આવ્યા. ૫

## ગીત નં. ૩

કલિશિયા તેરે લીયે ખુશ ખબરી,
યેશુ જલ્દ આતા હય,
ઉસસે મુલાકાતકી કર તું તૈયારી,
કી વખત અબ જાતા હય..................૧

અબ ઉપર દેખ (૨ વાર.)
તેરા દુલ્હા આતા હય,
તુઝકો લેનેકે લીયે,
પ્યારા યેશુ આતા હય ..........ટેક.

દુનિયામેં આકર પ્યારા યેશુને,
લહુ બહાયા થા,
ઔર ઉસને બહુત બડી કિંમત સે,
તુઝકો ખરીદા થા..........................૨

યે સારી દુનિયા બિલકુલ ફાની હય,
ગુન્હાસે ભારી હય,
યે તેરે લીયે એક સરાઈ હય,
યહાંસે જાના હય ..............૩

બાદશાહત હોગી હજાર સાલોંકી,
જબ યેશુ આવે ગા,
લહુમેં જીસ્ને જામા ધોયા નહિ,
વહાં જાના ન પાયેગા. .....................૪

## ગીત નં. ૪

તું તો ઝુઝીને જંગને જીતજે રે, મારા વીરા પાછો ન પડજે,
રે મારી બેની પાછી ના પડજે....ટેક.
સ્વામી ઇસુએ થંભે મરીને શેતાન શત્રુની ફોજ જીતી છે,
રે એને પગલે તું પણ સંચરજે રે....મારા. ૧
કંટક મુગટ માથે મૂકાયો, સિપાઇઓએ સોટીથી માર્યો,
રે તારૂં માથું એ સાથે ટેકવજે રે....મારા. ૨
કાલવરીને રસ્તે ગયો એ, સાથે નહિ કોઇ તોએ ગયો એ,
રે એમ તુંએ અકેલો ત્યાં ચઢજે રે....મારા. ૩
જગના જનો જ્યારે નિંદ્રામાં પડતા,
સ્વામિ ઘૂંટણો જો પહાડો પર નમતાં,
રે એમ તુંએ પ્રાર્થનામાં બળ પામજે રે....મારા. ૪
શત્રુસેનાનાં મસ્તક તું કાપજે, સામે આવે તેને જીવતો ન મૂકજે,
રે શત્રુદળોને એમ તું સંહારજે રે....મારા. ૫
મંડળીઓમાં મંદી આવી છે, શેતાને બેડીઓ પહેરાવી છે,
રે વચન તરવારે બંધનો તોડજે રે...મારા. ૬
જૂઠા જગતના કાર્યો ધિક્કારતો, દંભી જગતને તે તો પડકારતો,
રે એમ તુંએ જગતને પડકારજે રે....મારા. ૭

## ગીત નં. ૫

રણશિંગડું વાગે છે, શૂરા જંગમાં ચાલોને,
પ્રભુ ઈસુ બોલાવે છે, શૂરા જંગમાં ચાલોને....ટેક.
સ્તેફનના પત્થર નવ ભૂલશો,
પીતરની બેડી નવ ભૂલશો;
શહીદોનાં રુધિર નવ ભૂલશો....૧

વાવનારનું દ્દષ્ટાંત વિચારો,
દશ કુમારીકાની વાત વિચારો,
મૂર્ખ ધનિકને પણ સંભારો.......................૨

જૂઠાં બાનાઓ નવ કાઢો,
પાછળ જોવાનું નવ ચાહો,
લુતની વહુને રે સંભારો....૩

તાલંતને દાટી નવ રાખો,
જે છે તે સ્વામીને આપો,
પ્રભુ ઇસુને નિત નિત ચાખો.......................૪

અંજીરી જેમ ફળ નવ દેશો,
તો સ્વામીથી શાપિત થાશો,
અંધકારમાં બહુ બહુ રે રડશો....૫

## ગીત નં. ૬

જાગો, જાગો, જાગો ખ્રિસ્તી ભાઇઓ બ્હેનો,
જઈએ જગને જીતવા આજ,
મોજ તજો, શોખ તજો, ઊંઘ તજો,
છોડી જગનાં જૂઠડાં વાનાં,
જઈએ જગને જીતવા આજ....ટેક.

ભૂખ્યાં જનને ભોજન દેવા,
તરસ્યા મનને પાણી દેવા;
સત્ય વચન ઇસુનાં કહેજો,
મરતા જગને જીવન દેવા....જાગો. ૧

શેતાન જુઓ રાજ ચલાવે,
જગને અંધારામાં ભમાવે;
તોય તમોને કાં નિંદ આવે,
જાગો તમને ખ્રિસ્ત બોલાવે................જાગો. ૨

ખોટા ભાઈ ભપકા છોડી,
ખોટા બહેની લટકા છોડી;
ખોટા રસનાં ચટકાં છોડી,
જઈએ ઇસુની ગમ દોડી........જાગો. ૩

## ગીત નં. ૭

યેશુ યેશુ મનમેં આજા,
ઇસ દુનિયાકા તું મુક્તિદાતા,
હમકો બચાજા, પાક બનાજા....ટેક.

પાની પર તું ચલનેવાલા,
દો મછલી પાંચ રોટી લેકર,
પાંચ હજારકો સુફત ખીલાયા....૧

કાનામેં શાદીમેં જા કર,
સાદે પાનીકો મય બનાંકર,
કુદરત અપની જલાલ દીખાયા.....................૨

દુખીઓકા તુંહી મદદગાર હૈ,
બેવાઓ યતી મેકા હે,
તુંહી અકેલા રખનેવાલા.....૩

મેરે લીયે જગમેં આકર,
તાજ કાંટોકા શર પર રખકર,
ક્રુસ પર ચઢકર ખૂન બહાયા......................૪

બાદશાહી કરને કો તું આજા,
અબદી જીંદગી ખુશી દેકર,
ઈસ દુનિયાકે દુ:ખસે બચાજા......૫

## ગીત નં. ૮

યેશુ દુનિયામેં આયા હૈ, હાલેલુયાહ!
આપકે ગુન્હા બદલે પ્યારે સજ્જનો,
મેરે ગુન્હા બદલે યેશુ ખુન બહાયા હૈ...ટેક.
યેશુ પાપી છુડા કરકે....હાં
તાજ દેકર જીંદગીકા પ્યારે સજ્જનો,
તાજ દેકર જીંદગીકા અપને સાથ બીઠાતા
હૈ....૧

કરો હમદો શના ઉસકી...હાં
ચુમો બેટેકો પ્યારે સજ્જનો,
ચુમો બેટેકો જીસ્ને રાજ દીલાયા હૈ ..................૨

## ગીત નં. ૯

જીવનનદી જો ઉભરાય કેવી આજ!
જીવનનું માન્ના પિરસાય કેવું આજ!....ટેક
આવો તૃષિત તૃષા છીપાવો આજ,
તરસે મરો શીદ પીવાડે વહાલો આજ....૧
આવો ભૂખ્યા જન ભોજન પામો આજ
ભૂખે મરો શીદ જમાડે વહાલો આજ...૨
આવો થાકેલ આપે ઈસુ આરામ,
બોજો ઉતારે પ્રભુ ઈસુ તમામ..........૩

૨૬૫૭૩



આવો પાપી, પીડિત, દુઃખી, લાચાર,
પ્રેમે તેડે છે વ્હાલો તારણહાર...........૪
કરો પસ્તાવો વ્હાલાં કરો ન વાર,
ઠોકે છે ઇસુ ખોલી દો હૃદયદ્વાર........૫
ભૂલ્યાં, ભટક્યાં આવો જગનાં સૌ બાળ,
શોધે છે આજ પ્યારો ઘેટાંનો પાળ....૬
ચાખો ને જુઓ તેની પ્રીતિ અપાર,
હૈયામાં ઉડશે આનંદના ફુવાર...........૭

## ગીત નં. ૧૦

સીઓનની ઓ સુંદરી જોને,
આંગણે તારો રાજા આવે;
સ્વાગતની તું કર તૈયારી,
આંગણે તારો રાજા આવે....ટેક
જગનાં બંધન તુંજને સતાવે,
જગનાં બંધન તુંજને હરાવે;
એ બંધનને છેદવા સારૂ,
આંગણે તારો રાજા આવે...૧
જુગ જુગ ચમકો કીર્તિ તમારી,
જુગ જુગ ફરકો ધ્વજા તમારી,
ધન્ય મસીહા ધન્ય ઓ સ્વામી,
ધન્ય કરી આ જીંદગી મારી...૨

---

પ્રકાશક : કિંમત બે પૈસા મુદ્રક :
છોટાલાલ મગનલાલ શાહ
ગુજરાત સાહિત્ય મંદિર
અમદાવાદ

ચતુરભાઈ શનાભાઈ પટેલ
શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
શાકબજાર અમદાવાદ.